# મહાસપ્તાહ - તાડપત્રનો રવિવાર

**શુભસંદેશ :** સંત લૂકકૃત ભગવાન ઈસુની મહાવ્યથાની કથા

: [22 : 14 - - 23: 56 ]

સમય થયો એટલે ઈસુ પ્રેષિતોની સાથે ભોજન કરવા બેઠા. તેમણે તેઓને કહ્યું, "મારી વેદના શરૂ થાય તે પહેલાં પાસ્ખાનું આ ભોજન તમારી સાથે લેવા મારું અંતર ઝંખ્યા કરતું હતું; કારણ, હું તમને કહું છું કે, ઈશ્વરના રાજ્યમાં સાચું પાસ્ખા-ભોજન ખાવા ન મળે ત્યાં સુધી હું એ ફરી લેવાનો નથી."

ત્યાર પછી એક પ્યાલો લઈ, ઈશ્વરનો આભાર માનીને તેમણે કહ્યું, "આ લો, અને માંહોમાંહે વહેંચી લો; કારણ, હું તમને કહું છું કે, ઈશ્વરનું રાજ્ય આવે ત્યાં સુધી હું હવે દ્રાક્ષનો આસવ પીવાનો નથી."

ત્યાર પછી રોટી લઈ, ઈશ્વરનો આભાર માનીને તેમણે તેના ટુકડા કર્યા અને શિષ્યોને આપતાં કહ્યું, "આ મારું શરીર છે, જે તમારી ખાતર અર્પણ થનાર છે. મારા સ્મારક તરીકે એ કરતા રહેજો."

એ જ રીતે તેમણે ભોજન પછી એક પ્યાલો લઈને કહ્યું, "આ પ્યાલો તમારે માટે રેડાનાર મારા લોહીથી થયેલો નવો કરાર છે.

"છતાં ધ્યાન રાખજો ! મને દગો દેનાર મારી સાથે આ પંગતમાં જ બેઠો છે. માનવપુત્ર તો નિર્માણ થયા મુજબ ચાલ્યો જાય છે, પણ એને દગો દેનારની ભારે દુર્દશા થશે !" આ સાંભળીને શિષ્યો માંહોમાંહે પૂછવા લાગ્યા કે, "આપણામાંથી કોણ આવું કરવા તૈયાર થયો હશે ?" વળી, તેમનામાં સૌથી મોટો કોણ ગણાય એ વિશે ઝઘડો જાગ્યો; એટલે ઈસુએ તેમને કહ્યું, "દુનિયાના રાજાઓ લોકો ઉપર દોર ચલાવે છે, અને તેમના ઉપર સત્તા ચલાવનારાઓ 'હિતસ્વી' કહેવડાવે છે. પણ તમારામાં એમ ન હોવું જોઈએ. ઊલટું, તમારામાં જે સૌથી મોટો હોય તેણે સૌથી નાના થવું, અને જે રાજ્ય કરતો હોય તેણે સેવક જેવા થવું. કારણ, મોટો કોણ, જે જમે તે કે જે પીરસે તે? જે જમે તે, ખરું ને ? અને તેમ છતાં હું તમારી વચ્ચે સેવક જેવો છું.

તમે મારી ક્સોટીના કાળમાં સતત મારી પડખે રહેતા આવ્યા છો; એટલે મારા પિતાએ જેમ મને રાજ્યનો અધિકાર આપ્યો હતો તેમ હું તમને પણ આપું છું. તમે મારા રાજ્યમાં મારી સાથે બેસીને ખાશોપીશો અને સિંહાસનો ઉપર બેસી ઇસ્રાયલના બારે વંશો ઉપર શાસન ચલાવશો.

સિમોન, સિમોન, ધ્યાન રાખજે, સેતાને તમને બધાને ઘઉંની જેમ ઝાટકવાની રજા મેળવેલી છે; પણ તારે માટે મેં પ્રાર્થના ગુજારેલી છે કે તારી શ્રદ્ધા ખૂટે નહિ. અને તને પસ્તાવો થાય ત્યાર પછી તું તારા ભાઈઓને મક્કમ બનાવજે."

## મહાસપ્તાહ - તાડપત્રનો રવિવાર

**શુભસંદેશ :** સંત લૂકકૃત ભગવાન ઈસુની મહાવ્યથાની કથા

: [22 : 14 - - 23: 56 ]

સિમોને જવાબ આપ્યો, “પ્રભુ આપની સાથે હું જેલમાં કે મૃત્યુના મુખમાં પણ આવવા તૈયાર છું.” પણ ઈસુએ કહ્યું, “ઓ પીતર, હું તને કહું છું કે, આજે કૂકડો બોલે તે પહેલાં તો તું મને ઓળખે છે એ વાતનો તેં ત્રણ વાર ઇન્કાર કર્યો હશે.” અને તેમણે શિષ્યોને કહ્યું, “મેં તમને પૈસા, ઝોળી કે પગરખાં વગર મોકલ્યા હતા ત્યારે તમને કશાની ખોટ સાલી હતી ?” તેઓએ કહ્યું, “ ના કશાની નહિ.” ઈસુએ કહ્યું,

“પણ આ વખતની વાત જુદી છે. જેની પાસે પૈસા હોય તે પૈસા લઈ લે, અને સાથે ઝોળી પણ લઈ લે, અને જો તેની પાસે ન હોય તો પોતાનો ઝભ્ભો વેચીને તલવાર ખરીદી લે. કારણ, શાસ્ત્રમાં કહ્યું છે, “તેની ગુનેગારોમાં ગણના થઈ છે.” અને હું તમને કહું છું કે, એ વચનો મારે વિશે સાચાં પડવાં જોઈએ, બલકે, મારા સંબંધી જે જે લખેલું છે તે બધું સાચું પડવામાં છે.”

ત્યારે શિષ્યોએ કહ્યું, “પ્રભુ, જુઓ, અમારી પાસે આ બે તલવાર છે.” પણ ઈસુએ કહ્યું, “બસ, બસ.” પછી ઈસુ બહાર નીકળ્યા અને પોતાની હંમેશની ટેવ મુજબ જેતૂન પહાડ ઉપર ગયા. તેમના શિષ્યો પણ તેમની સાથે ગયા. તે ઠેકાણે પહોંચ્યા પછી તેમણે શિષ્યોને કહ્યું, “પ્રાર્થના કરો કે તમે કસોટીમાંથી પાર ઊતરો.”

પછી તેમનાથી એક ખેતરવા દૂર જઈ ઘૂંટણિયે પડી તેમણે પ્રાર્થના કરવા માંડી, “હે પિતા, જો તમારી ઈચ્છા હોય તો મારી આગળથી આ પ્યાલો લઈ લો. તેમ છતાં મારી નહિ પણ તમારી જ ઇચ્છા પૂર્ણ થાઓ.” ત્યારે સ્વર્ગના એક દેવદૂતે ઈસુને દર્શન દીધાં અને તેમને બળ આપ્યું. તીવ્ર વેદના અનુભવતાં તેઓ વધુ ઉત્કટતાથી પ્રાર્થના કરવા લાગ્યા, અને તેમનો પસીનો લોહીનાં મોટાં ટીપાંની પેઠે ભોંય ઉપર ટપકવા લાગ્યો. પ્રાર્થનામાંથી ઊઠીને તેઓ શિષ્યો પાસે આવ્યા, તો તેઓ શોકના માર્યા ઊંઘી ગયા હતા. ઈસુએ તેમને કહ્યું, “કેમ ઊંઘો છો ? ઊઠો, પ્રાર્થના કરો કે તમે કસોટીમાંથી પાર ઊતરો !”

ઈસુ હજી બોલતા હતા ત્યાં તો માણસોનું એક ટોળું આવી ચડ્યું. તેની આગળ બારમાંનો એક યહૂદા ઇશ્કરિયોત, ચાલતો હતો. ઈસુને ચુંબન કરવા તે તેમની પાસે આવ્યો; પણ ઈસુએ તેને કહ્યું, “યહૂદા, ચુંબન કરીને તું માનવપુત્રને પકડાવી દે છે?” શું બનવાનું છે એ સમજી જઈને તેમના સાથીદારો બોલી ઊઠયા, “પ્રભુ, અમે તલવાર ચલાવીએ ? અને ત્યાં તો તેઓમાંના એકે મુખ્ય પુરોહિતના નોકર ઉપર ઘા કરી તેનો જમણો કાન ઉડાવી દીધો. પણ એ જોઈને ઈસુએ કહ્યું, “બસ,

બહું થયું.” અને પેલા કાનને અડીને તેને સાજો કરી દીધો. પછી પોતાને પકડવા આવેલા મુખ્ય પુરોહિતો, મંદિરના રક્ષકદળના અમલદારો અને આગેવાનોને ઉદ્દેશીને ઇસુએ કહ્યું, “હું કંઈ ચોરડાકુ છું કે તલવાર અને લાઠી લઈને આવ્યા છો ? હું તો રોજ રોજ મંદિરમાં તમારી સાથે હતો, પણ તમે મને ન પકડયો. પણ અત્યારે તમારો સમય આવ્યો છે, અને અંધકારનો અમલ જામ્યો છે.”

પછી ઇસુને પકડીને તેઓ વડા પુરોહિતના ઘરમાં લઈ આવ્યા, અને પીતર થોડું અંતર રાખીને પાછળ પાછળ આવતો હતો. ચોકની વચમાં તાપણું સળગાવીને લોકો બેઠા હતા, ત્યાં પીતર પણ તેમના ભેગો બેઠો. એક નોકરડીએ તેને તાપણાએ બેઠેલો જોયો અને તેના તરફ ધારી ધારીને જોઈને કહ્યું, “આ માણસ પણ એની સાથે હતો.” પણ તેણે ઈન્કાર કરતાં કહ્યું, “બાઈ, હું તો એને ઓળખતો સુધ્ધાં નથી.” થોડી વાર પછી બીજા કોઈએ તેને જોઈને કહ્યું, “તું પણ એ લોકોમાંનો જ છે !” પણ પીતરે કહ્યું, “ના ભાઈ, હું નથી !” કલાકેક ગયો ત્યાં બીજા એક માણસે ભારપૂર્વક કહ્યું, “જરૂર, આ માણસ પણ એની સાથે હતો, કારણ, એ પણ ગાલીલનો જ છે.”

પણ પીતરે કહ્યું, “ભાઈ શું કહે છે, મને કાંઈ ખબર નથી.”

તેજ ઘડીએ, હજીએ બોલતો હતો ત્યાં જ કૂકડો બોલ્યો, અને પ્રભુએ ફરીને પીતર ઉપર નજર માંડી. પીતરને પ્રભુના શબ્દો સાંભર્યા, “આજે કૂકડો બોલે તે પહેલાં તું મારો ત્રણ વાર ઇન્કાર કરીશ,” અને બહાર જઈને તે છાતીફાટ રોવા લાગ્યો.

ઇસુ ઉપર પહેરો ભરતા સિપાઈઓ તેમને મારવા અને તેમની મશ્કરી કરવા લાગ્યા. તેમની આંખે પાટો બાંધી દઈ તેઓ પૂછવા લાગ્યા, “પયગંબર છે તો કહે, તને કોણે માર્યું ?” અને આમ તેઓ ભૂંડું બોલીને તેમનું અપમાન ઉપર અપમાન કરતા રહ્યા. સવાર થતાં જ મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓ સુધ્ધાં પ્રજાના વડીલો ભેગા થયા, અને ઈસુને પોતાની વરિષ્ઠસભા સમક્ષ લઈ જઈને તેઓએ તેમને કહ્યું, “તું ખ્રિસ્ત છે? હોય તો બોલી દે.”

ઈસુએ તેમને કહ્યું, “હું કહીશ તોયે તમે કદી માનવાના નથી, અને હું તમને સવાલ પૂછીશ તો તમે કદી જવાબ આપવાના નથી. પણ હવેથી માનવપુત્ર સર્વશક્તિમાન ઈશ્વરને જમણે હાથે વિરાજમાન હશે.” “તો તો ઈશ્વરપુત્ર તું જ છે ?” તેઓ સામટા બોલી ઊઠયા. અને ઈસુએ તેમને જવાબ આપ્યો, “તમે કહો જ છો કે હું ઈશ્વરપુત્ર છું.” તેઓ બોલી ઊઠયા, “હવે સાક્ષીની શી જરૂર છે ? આપણે પોતે જ એને મોઢે સાંભળ્યું છે.”

# મહાસપ્તાહ - તાડપત્રનો રવિવાર

**શુભસંદેશ :** સંત લૂકકૃત ભગવાન ઈસુની મહાવ્યથાની કથા

: [22 : 14 - - 23: 56 ]

પછી બધા એક સાથે ઊભા થઈ ગયા અને ઈસુને પિલાત પાસે લઈ ગયા, અને તેમના ઉપર આરોપ મૂકવાની આ રીતે શરૂઆત કરી, "અમને માલૂમ પડયું છે કે, આ માણસ અમારી પ્રજાને બળવો કરવા પ્રેરે છે, બાદશાહને કર આપવાની લોકોને મના કરે છે અને પોતે ખ્રિસ્ત છે, રાજા છે, એમ કહેવડાવે છે." ત્યારે પિલાતે ઈસુને પૂછયું, "તું યહૂદીઓનો રાજા છે ?" ઈસુએ જવાબ આપ્યો, "તમે કહો જ છો !" પછી પિલાતે મુખ્ય પુરોહિતોને અને ટોળાના લોકોને કહ્યું, "મને આ માણસનો કોઈ દોષ દેખાતો નથી."

પણ તે લોકોએ આગ્રહ ચાલુ રાખ્યો કે, " આખા યહૂદિયા પ્રાંતમાં ફરી ફરીને એ ઉપદેશ આપી લોકોને ઉશ્કેરે છે, ઠેઠ ગાલીલથી તે અહીં સુધી." આ સાંભળીને પિલાતે પૂછયું કે, "એ ગાલીલનો છે શું ?" અને એ હેરોદના ઇલાકાનો છે એમ જાણવામા આવતાં તેણે તેમને હેરોદ પાસે મોકલી આપ્યા. તે પણ એ વખતે યરુશાલેમમાં હતો.

ઈસુને જોઈને હેરોદ તો રાજી રાજી થઈ ગયો, કારણ, એમને વિશે વાતો સાંભળીને સાંભળીને તે લાંબા સમયથી એમને જોવા ઈચ્છતો હતો અને એમને હાથે કંઈ પરચો જોવાની આશા રાખતો હતો. તેણે ઇસુને પુષ્કળ સવાલો પૂછયા, પણ ઈસુએ કંઈ જ જવાબ ન આપ્યો. મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓ ત્યાં ઊભા ઊભા ઈસુ ઉપર જોરશોરથી આક્ષેપો મૂકતા રહ્યા. ત્યારે હેરોદે પોતાના સિપાઈઓ સાથે મળીને ઈસુનું ખૂબ અપમાન કર્યું અને તેમની મશ્કરી ઉડાવી. પછી ભભકાદાર વસ્ત્ર ઓઢાડીને તેમને પાછા પિલાત પાસે મોકલી આપ્યા. તે જ દિવસે હેરોદ અને પિલાત એકબીજાના મિત્ર થઈ ગયા. એ પહેલાં બંને એકબીજાના દુશ્મન હતા.

પિલાતે હવે મુખ્ય પુરોહિતો, આગેવાનો અને લોકોને બોલાવીને તેમને કહ્યું, "તમે આ માણસ લોકોને ઉશ્કેરે છે એવો આરોપ મૂકીને એને મારી આગળ લઈ આવ્યા હતા. પણ તમારાં દેખતાં મેં એને તપાસ્યો તો તમે એની સામે જે ગુનાનો આરોપ મૂકયો છે, તેમાંનું કશું મને મળ્યું નથી, તેમ હેરોદને પણ કંઈ મળ્યું નથી; એટલે તેણે એને પાછો અમારી પાસે મોકલી આપ્યો છે. તમે જુઓ છો કે, મૃત્યુની સજાને પાત્ર થવા જેવું એણે કશું કર્યું નથી; એટલે હું તો એને થોડી સજા કરીને છોડી દઈશ."

# મહાસપ્તાહ - તાડપત્રનો રવિવાર

**શુભસંદેશ :** સંત લૂકકૃત ભગવાન ઈસુની મહાવ્યથાની કથા

: [22 : 14 - - 23: 56 ]

પાસ્ખાના પર્વ ઉપર લોકો ઈચ્છે તે એક કેદીને છોડી દેવા તે બંધાયેલો હતો. પણ તેઓ બધા એકીસાથે બૂમ પાડી ઊઠયા, "એને પૂરો કરો, અને બરબ્બાસને છોડી દો !" બરબ્બાસને શહેરમાં થયેલા હુલ્લડ અંગે અને ખૂનને માટે કેદમાં પૂરવામાં આવ્યો હતો. ઈસુને છોડી દેવાની ઈચ્છાથી પિલાતે ફરી તે લોકોને સમજાવ્યા, પણ તેઓ સામેથી પુકારી ઊઠયા, "તમે એને ક્રૂસે ચડાવો ! ક્રૂસે ચડાવો !" પિલાતે ત્રીજી વાર તે લોકોને કહ્યું, "પણ એ માણસે શો ગુનો કર્યો છે ? મોતની સજાને પાત્ર કોઈ ગુનો મને દેખાતો નથી. એટલે હું તો એને થોડી સજા કરીને છોડી મૂકીશ."

પણ તે લોકો પોતાની વાતને વળગી રહ્યા અને મોટેથી ઘાંટા પાડીને ઇસુને ક્રૂસે ચડાવવાની માગણી કરતા રહ્યા. તેમનો ઘોંઘાટ વધતો ગયો, અને પિલાતે નિર્ણય કર્યો કે એ લોકોની માગણી મંજૂર રાખવી. જે માણસને હુલ્લડ અને ખૂનને માટે કેદમાં પૂરવામાં આવ્યો હતો, અને જેની એ લોકો માગણી કરતા હતા, તેને પિલાતે છોડી મૂકયો અને ઈસુને લોકોની મરજી ઉપર છોડી દીધા.

તેઓ ઈસુને લઈ જતા હતા, એવામાં ગામડેથી પાછા વળતા કૂરેને ગામનો સિમોન નામના એક માણસને તેમણે પકડયો અને ક્રૂસ તેના ઉપર ચડાવી દઈ ઈસુની પાછળ પાછળ આવવા કહ્યું. ઈસુની પાછળ લોકોનું મોટું ટોળું ચાલતું હતું, અને તેમાં તેમને માટે છાતી કૂટતી અને વિલાપ કરતી સ્ત્રીઓ પણ હતી. ઈસુએ તેમના તરફ ફરીને તેમને કહ્યું, "યરુશાલેમની દીકરીઓ, મારે માટે રડશો નહિ, તમારે પોતાને માટે અને તમારાં સંતાનો માટે રડો, કારણ, એવા દિવસો આવી રહ્યા છે, જયારે માણસો કહેશે કે, "જે નિઃસંતાન છે, જેણે નથી જણ્યું કે નથી ધવરાવ્યું, તે ભાગ્યશાળી છે." ત્યારે લોકો પહાડોને ઉદ્દેશીને કહેશે, "અમારા ઉપર પડો!" અને ડુંગરાઓને કહેશે, "અમને દાટી દો!" કારણ, લીલા ઝાડની જો આ દશા કરે છે તો સૂકાની તો કેવીય થશે ?"

ઈસુની સાથે બીજા બે ગુનેગારોને પણ દેહાંતદંડ માટે તેઓ લઈ જતા હતા. જ્યારે તેઓ "ખોપરી" નામની જગ્યાએ પહોંચ્યા, ત્યારે ત્યાં આગળ તેઓએ ઇસુને અને સાથે સાથે પેલા બે ગુનેગારોને પણ ક્રૂસે જડી દીધા, એકને તેમની જમણી બાજુએ અને એકને ડાબી બાજુએ. ઈસુ બોલ્યા,

"હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી."

પછી તેમણે ચિઠ્ઠી નાખીને તેમનાં કપડાં વહેંચી લીધાં. લોકો ઊભા ઊભા જોઈ રહ્યા, અને આગેવાનો હાંસી ઉડાવવા લાગ્યા; તેઓ કહેતા હતા, "બીજાને તો એણે બચાવ્યા, હવે એ જો ઈશ્વરને અભિષિકત મુક્તિદાતા હોય, તેનો વરેલો હોય, તો પોતાની જાતને બચાવે !" સિપાઈઓ પણ

મશ્કરી કરતા હતા; તેમણે પાસે આવી સરકો આપતાં કહ્યું, "તું જો યહૂદીઓનો રાજા હોય, તો તારી જાતને બચાવ ને !" કારણ, ઈસુના માથા આગળ એક લેખ ચોડેલો હતોઃ "આ યહૂદીઓનો રાજા છે." ક્રૂસે લટકાવવામાં આવેલા ગુનેગારોમાંના એકે તેમને ટોણો માર્યો, "તું મુક્તિદાતા નથી ? તો તારી જાતને અને અમને બચાવ." પણ બીજાએ તેને ઠપકો આપીને કહ્યું, "તને ઈશ્વરનોયે ડર નથી ? તને પણ એ જ સજા થયેલી છે. આપણી સજામાં પૂરો ન્યાય છે, કારણ, આપણે આપણાં કર્યાં ભોગવીએ છીએ. પણ એ માણસે તો કશું ખોટું કર્યું નથી." પછી તેણે કહ્યું, "ઇસુ, આપ જ્યારે આપના રાજ્યાસન ઉપર આવો, ત્યારે મને સંભારજો." ઇસુએ તેને કહ્યું, "હું તને ખાતરીથી કહું છું કે, આજે તું મારી સાથે પુણ્યલોકમાં હશે."

હવે, લગભગ મધ્યાહ્ન થવા આવ્યો હતો. સૂર્ય ઢંકાઈ ગયો અને આખા પ્રદેશ ઉપર ત્રણ વાગ્યા સુધી અંધકાર છવાઈ ગયો. મંદિરનો પડદો વચ્ચેથી ચિરાઈ ગયો અને ઈસુ મોટેથી બૂમ પાડી ઊઠયા, "હે પિતા, મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું !"

એટલું બોલીને તેમણે પ્રાણ છોડયા. આ બધું જોઈને સૂબેદાર ઈશ્વરની સ્તુતિ કરતાં બોલ્યો, "સાચે જ એ માણસ ધર્માત્મા હતો."

આ દ્રશ્ય જોવાને ભેગા થયેલા બધા લોકો આ ઘટનાઓ જોઈને છાતી ફૂટતા ફૂટતા પાછા ગયા. ઈસુના ઓળખીતાઓ અને ગાલીલથી ઈસુ સાથે આવેલી સ્ત્રીઓ દૂર ઊભાં રહ્યાં રહ્યાં આ બધું જોતા હતાં. એવામાં યોસેફ નામનો વરિષ્ઠસભાનો એક સભ્ય આવી પહોંચ્યો. તે ભલો અને ધર્મિષ્ઠ હતો. તેણે એ લોકોની યોજનામાં કે તેના અમલમાં સંમતિ આપી નહોતી. તે યહૂદિયાના એક ગામ અરિમથાઈનો વતની હતો, અને ઈશ્વરના રાજ્યની પ્રતિક્ષા કરતો હતો. તેણે પિલાત પાસે જઈને ઇસુના શબની માગણી કરી. પછી તેણે શબને ઉતારી શણના કાપડમાં વીંટી ખડકમાં કોરી કાઢેલી વણવાપરી કબરમાં મૂકયું. એ શુક્રવાર હતો, અને વિશ્રામવાર શરૂ થવાની તૈયારી હતી.

જે સ્ત્રીઓ ગાલીલથી ઇસુની સાથે સાથે આવી હતી તેઓ યોસેફની પાછળ પાછળ ગઈ. તેમણે કબર અને શબની ગોઠવણી ધ્યાનથી જોઈ. પછી તેઓએ ઘેર જઈને સુગંધી દ્રવ્યો અને અત્તર તૈયાર કર્યાં.

વિશ્રામવારને દિવસે તેઓએ શાસ્ત્રની આજ્ઞાનુસાર વિશ્રામ લીધો.

આ પ્રભુની વાણી છે.